"હિંમત વિદ્યાનગર"
શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ-રાધનપુર

# રામકથા : ભારતીય જીવનદર્શન

(સંશોધન લેખોનો સંપુટ)



[illegible]

સંપાદકો
ડૉ. વિમલેશ પ્રમાર • ડૉ. રમેશ પરમાર • ડૉ. ભરત કાનાબાર

સહ સંપાદકો
[illegible] • ડૉ. [illegible]

શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ
રાધનપુર-૩૮૫૩૪૦, જિ.પાટણ (ઉત્તર ગુજરાત)

રાવલ પ્રકાશન

**રામકથા : ભારતીય જીવનદર્શન**
(સંશોધન-લેખોનો સંપુટ)
Edited By : Pri. Dr. C. M. Thakkar
Dr. Vimlesh Khamar
Dr. Ramesh Parmar
Dr. Bharat Kanabar
Pro. Farhanaben Diwan
Dr. Kunjalben Barot

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૬

ISBN : 978-81-910798-9-0

શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ
જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ,
રાધનપુર-૩૮૫૩૪૦, જિ.પાટણ
(ઉત્તર ગુજરાત)

પ્રકાશક : પ્રકાશ સી. રાવલ
**રાવલ પ્રકાશન**
જી-૭૮, તિરૂપતિ માર્કેટ, બગવાડા દરવાજા,
બજાર, પાટણ. ફોન : ૯૯૦૯૭૫૪૮૭૩

મૂલ્ય : ₹૨૩૦

મુદ્રક : ભવાની ઓફસેટ
૩/૨૦, કૈલાસ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સુજ્ઞાન વિદ્યાલય પાસે,
વિરાટનગર, ઓઢવ, અમદાવાદ

# પ્રસ્તાવના

'સાહિત્ય એ જીવનની સમીક્ષા છે.' મેથ્યુ આર્નોલ્ડનું આ વિધાન સૂચવે છે કે સાહિત્ય અને જીવન વચ્ચે અતુટ સંબંધ છે. ભારતીય સાહિત્ય પર પ્રાચીન ધર્મગ્રંથોનો વિશેષ પ્રભાવ રહ્યો છે. વેદો, ઉપનિષદો, પુરાણો, ગીતા, મહાભારત અને રામાયણ જેવો પ્રાચીન ભારતીય ધર્મગ્રંથો આપણા જીવનને પોષતાં રહ્યાં છે.

આપણા આર્થિક, સામાજીક, રાજકીય જીવન પર સૌથી વધુ પ્રભાવ અધ્યાત્મનો રહ્યો છે. માનવને જીવન જીવવાની કલા કોઈ ગ્રંથ શીખવતો હોય તો તે છે 'રામચરિત માનસ.' આ રામાયણમાં દર્શાવેલી જીવન શૈલી અનુરૂપ યુગોથી લોકો જીવતાં આવ્યા છે, આજેય જીવે છે.

રામાયણ એ ભારતીય જીવન શૈલીનો આત્મા છે, એટલે જ ભારતીય લોકોના જીવનને રામાયણથી તદ્દન અલગ કરીને વિચારવું પણ મુશ્કેલ છે અને એટલે પૂજ્ય મોરારિ બાપુથી લઈને પૂજ્ય શ્રી રમાબેન હરિયાણી સુધીના અનેક રામકથાકારોની કથાઓમાં હજારોની માનવમેદની જીવનના સત્યને પામી રહી છે, જીવન જીવવાની કલા શીખી રહી છે, અપનાવી રહી છે.

રામાયણ એ માત્ર ગ્રંથ નથી, આપના હૃદય અને મનને શુધ્ધ કરી સાચી દિશામાં દોરી જનાર અસ્તિત્વની ઓળખ છે. તેથી જ ભારતની તમામ ભાષાઓમાં આજ દીન સુધી જે કાંઈ સાહિત્ય સર્જન થયું છે તેમાં રામકથાનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રભાવ જોવા મળે છે. ક્યાં ક્યાં અને કેવાં પ્રમાણમાં રામકથાનો ભારતીય સાહિત્ય પર પ્રભાવ છે તે તપાસવા માટે રામકથા આધારિત એક નેશનલ સેમિનારનું આયોજન અમે ૨૧ માર્ચ, ૨૦૧૬ ના રોજ કર્યું અને તે સેમિનારમાં રજૂ થયેલાં શોધપત્રો - વિવેચન પત્રોનું પુસ્તક બનાવી તે જ દિવસે બધાને ઉપલબ્ધ કરાવ્યું.

અમારા આ કાર્યને ટ્રસ્ટના પ્રમુખશ્રી ડૉ. મહેશભાઈ મુલાણી, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રાયચંદભાઈ ઠક્કર, ઓનરરી સેક્રેટરી ડૉ. નવિનભાઈ ઠક્કર, કોષાધ્યક્ષ શ્રી ધીરૂભાઈ ઠક્કર, શિક્ષણવિદ્ શ્રી નિરંજનભાઈ ઠક્કર, ટ્રસ્ટીશ્રી ભગવાનભાઈ બંધુ, શ્રી કનુભાઈ આચાર્યના ઉત્સાહ વર્ધક સહયોગને યાદ કરી આદ્યસ્થાપક શ્રી હિમતલાલ મુલાણી સાહેબને વંદન કરું છું.

આ સેમિનાર અને પુસ્તક તૈયાર કરવામાં જેમની મહત્વની ભૂમિકા રહેલી

"હિંમત વિદ્યાનગર"

શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ-રાધનપુર

# રામકથા : ભારતીય જીવનદર્શન

(સંશોધન લેખોનો સંપુટ)


પ્રધાન સંપાદક

**પ્રિ. ડૉ. સી. એમ. ઠક્કર**

સંપાદકો

**ડૉ. વિમલેશ ખમાર • ડૉ. રમેશ પરમાર • ડૉ. ભરત કાનાબાર**

સહસંપાદકો

**પ્રા. ફરહાના દિવાન • ડૉ. કુંજલ બારોટ**

શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટ્સ એન્ડ જે.વી.ગોકળ ટ્રસ્ટ કોમર્સ કૉલેજ
રાધનપુર – ૩૮૫૩૪૦, જિ.પાટણ (ઉત્તર ગુજરાત)



રાવલ પ્રકાશન

7, અંબિકા ચેમ્બર્સ, વેરાઈ ચકલા, પાટણ–(ઉ.ગુ.) 384265
ફોન (ઓ) (02766) 231419 / 9909754873

## 'રામકથા'

ડૉ. મહેશ એચ. મુલાણી

જ્ઞાની હો કે અજ્ઞાની, ગરીબ હો કે અમીર, ગ્રામીણ હો કે શહેરી, નારી હો કે પુરુષ, ભણેલ હો કે અભણ, નાના હો કે મોટા, આ લોક સુધારવા ઇચ્છતા હોય કે પરલોક સર્વ માટે સરળ, સુગમ સૌના જીવન દર્શન માટે દર્પણરૂપ 'રામ કથા'. આપણે કયા યગમાં, કયા વર્ણમાં, કયા આશ્રમમાં, વૈદિક પરંપરા કે લોક પરંપરા સર્વ પ્રકારે સદ્‌ગુરૂના રૂપમાં માર્ગદર્શક 'રામ કથા' રામ રાજ્યના લક્ષણ.

પ્રધાન : 'સખ નર કરહિ પરસ્પર પ્રીતી' (ઉત્તરકાંડ)
'વર્ણાશ્રમ નિજ નિજ ધર્મ'
'નહિ દરિદ્રી કોઈ દુઃખી ન દીના.'

શિક્ષણ : નહિ કોઉ અબુધ ન લક્ષણ હીના
સખ નિર્દભ ધર્મરત પરણી
નર અરૂ નારી ચતુર શુભ કરણી.

ધર્મ : 'ચારિ કે ચરણ ધર્મ જગમાહી'

સમાનતા : રાજઘાટ સખહિ બિધિ સુંદર
મજજહિ તહા ખરન ચારિ કે નર

સ્વચ્છતા : તીર તીર તુલસી કા સુહાઈ

આરોગ્યતા : વૃંદ વૃંદ બહુ મુનિન્હ લગાઈ
'પુર શોભા કછુ ખરોણ ન જાઈ'
ખાહેર નગર પરમ રૂચિરાઈ.
દેખત પુરી અખિલ અઘ ભાગા, ખન ઉપવન વાપિકા તડાગા,
બાંધે ઘાટ મનોહર, સ્વલ્પ પંક (સેવાળ) નહિ તીર
શિક્ષક, ગુરૂજન, માર્ગદર્શન, ગાઈડ

જે કંઈ કહો તે વિદ્યાર્થી, શિષ્ય અથવા જીજ્ઞાસુને જીવનમાં સ્વચ્છતા, નિયમિતતા, વ્યવસ્થિતતા, સમાનતા વિગેરે 'રામકથા'ના માધ્યમથી સદ્‌ગુણોનું સિંચન કરે તો બેઉ પક્ષે જીવન ધન્ય... ધન્ય... —અસ્તુ

સર્વે સુખિનઃ સન્તુ...

❖



## અનુક્રમણિકા


- પ્રસ્તાવના .......... ૩
- સંપાદકીય .......... ૫
- માનવ ધર્મના મહાન પ્રણેતા મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામ .......... ૭
  **પૂ. રમાબેન હરિયાણી** .......... ૭
- 'રામકથા' .......... ૮
  **ડો. મહેશ એચ. મુલાણી** .......... ૮

૧. 'રામાયણનો મર્મ' દર્શકનું મર્મજ્ઞ તત્ત્વચિંતન .......... ૧૩
**ડો. ભરત સોલંકી**

2. A Noble Leadership Quality: Lord Shri Ram .......... ૧૭
Dr. C. M. Thakkar, Dr. Chirag V. Raval

૩. 'રામવિવાહ' આખ્યાનમાં ભાલણની લક્ષ્યગામિતા .......... ૨૧
**પ્રિ. ડો. રાજેશ ત્રિવેદી**

૪. ''ધરતીની પુત્રી'' : રામ-રાવણના આદર્શની કથા .......... ૨૪
**વિમલેશ પમાર**

૫. 'મધ્યકાલીન ઉર્મિકવિતામાં રામકથા' .......... ૩૨
**ડો. રમેશભાઈ એસ. પરમાર**

૬. 'મંથરા': પદ્યનાટકમાં સર્જનાત્મકતા .......... ૩૭
**ડો. ભરત કાનાબાર**

૭. ભાલણકૃત 'રામવિવાહ આખ્યાન' .......... ૪૩
**ડો. સોહન આર. દવે**

૮. ઉમાશંકર જોશીની નાટ્યકવિતામાં સર્જનાત્મક અભિવ્યક્તિ : .......... ૫૩
**પ્રા. ભગવાન એસ. ચૌધરી**

૯. રામાયણમાં નિરૂપિત લોકતાંત્રિક અને આર્થિક મૂલ્યો .......... ૬૪
**રંજનબેન કરશનભાઈ ગોહિલ**

૧૦. ભારતીય સાહિત્યમાં રામકથા (કુંકણા રામકથા) .......... ૬૭
**ડો. કલ્પના બી. ગાંવિત**

૧૧. "અધર્મની પરાકાષ્ટા : રાવણ" .................. ૭૪
વંદનાબેન સી. સિસોદીયા

૧૨. સંગીતરઘુનન્દનમાં મધુરરસની વિભાવના .................. ૭૯
ડો. સમીરકુમાર કે. પ્રજાપતિ

૧૩. પ્રતિમા નાટકના સુભાષિતોમાં જીવનદર્શન .................. ૯૦
ડો. કુસુમબેન ડી. અખાણી

૧૪. ભારતીય સાહિત્યમાં રામકથા .................. ૯૬
કોમલબેન પી. પારેખ

૧૫. 'સંસ્કૃત સાહિત્યના પ્રમુખ ગીતિકાવ્યોમાં 'રામભક્તિ' .................. ૧૦૦
પ્રા. ડો. સુરેશકુમાર એન. ઓઝા

૧૬. 'નાકરનું રામાયણ : એક અભ્યાસ' .................. ૧૦૭
ડો. કુંજલબેન એસ. બારોટ

૧૭. ભાલણનાં પદોમાં રામભક્તિ .................. ૧૧૫
પ્રા. ફરહાનાબાનું મહેમુદશા દિવાન

૧૮. દક્ષિણકુમાર જોષી કૃત "જાનકી ઝુરે વનવાસે" .................. ૧૨૦
ડો. પારસ ખમાર

૧૯. વાલ્મીકિ 'રામાયણ'નો એક ઉન્મેષ : 'કુંકણા રામકથા' .................. ૧૨૫
ડો. જીતેન્દ્રકુમાર એમ. ચૌધરી

૨૦. ગુજરાતી સાહિત્યમાં રામકથા આધારિત પાત્રો .................. ૧૪૪
પ્રો. ચૌધરી મુન્નાબેન બી.

૨૧. સંસાર - રામાયણ .................. ૧૫૪
ડો. ગોવિંદ બી. પાંડે

૨૨. વઢિયાર પંથકના સંતસાહિત્યમાં રામદર્શન .................. ૧૬૨
ડો. મુકેશપુરી એસ. સ્વામી

૨૩. 'ઉત્તરરામચરિતમાં રામકથા' .................. ૧૭૦
ડો. બલાભાઈ એસ. રબારી

૨૪. 'રામાયણનું આદર્શ પાત્ર : રામ' .................. ૧૭૮
સોનલ ગલાભાઈ મકવાણા





૨૫. રામ વિષયક લોકગીતો .................. ૧૮૧
પ્રો. આશાબેન આર. ચૌધરી

૨૬. 'સ્ત્રી વેદનાની વાચા' .................. ૧૯૨
એકતા આર. શર્મા

૨૭. રામાયણમાં રામ-ભરત મિલન પ્રસંગ .................. ૧૯૮
પ્રિ. પ્રદીપ જોષી

૨૮. 'લોકગીતમાં રામકથા' .................. ૨૦૧
બળદેવભાઈ છગનભાઈ પ્રજાપતિ

૨૯. રામકથાની સાંપ્રત સમયમાં ઉપયોગીતા .................. ૨૦૬
રણછોડભાઈ એ. રબારી

૩૦. ગુજરાતી નવલકથા સાહિત્યમાં રામકથા : એક અભ્યાસ .................. ૨૧૧
ડો. ચેતનકુમાર બી. મોદી

૩૧. હનુમાન : રામાયણનું સક્રિય અને ક્રિયાશીલ પાત્ર .................. ૨૨૪
ડો. તૃપ્તિ સી. પટેલ

૩૨. ભારતીય સાહિત્યમાં રામકથા .................. ૨૩૫
મહેશભાઈ જી. પ્રજાપતી

૩૩. લોકસાહિત્યમાં રામકથા .................. ૨૩૮
પ્રિ. ડો. વિનોદ જે. શ્રીમાળી

૩૪. વાલ્મીકી રામાયણના પરવર્તી સાહિત્યમાં રામકથા .................. ૨૪૨
ડો. ડી. જે. ડોડીયા

૩૫. વીતરાગ શુદ્ધરાગ એમાં રામનું પાત્ર .................. ૨૪૮
દિક્ષીત પટેલ

૩૬. રામાયણમાંથી ફલિત સંચાલનનાં સિધ્ધાંતો .................. ૨૫૪
શ્રી કૃણાલકુમાર જે. કક્કડ

૩૭. भारतीय संस्कृति के प्रतीक श्रीराम .................. २५९
डॉ. करुणा त्रिवेदी

૩૮. विदेशी साहित्य में रामकथा का विकास .................. २६६
प्रि. डॉ. अेल. एस. पटेल

(૫) યુગદૃષ્ટા ઉમાશંકર.સંપા.ચંદ્રકાન્ત શેઠ, રઘુવીર ચૌધરી, ભોળાભાઈ પટેલ, હીરુ પરીખ - ૧૯૯૫
(૬) " 'મહાપ્રસ્થાન' ની સપ્તપદી", જયંત પંડ્યા. અક્ષરાયન, જૂન -૧૯૮૫
(૭) 'ગુજરાતી પદ્યનાટકની વિકાસાભિમુખતા - મહાપ્રસ્થાન' , ગુજરાતીમાં પદ્યનાટકો - રોહિત પંચોલી. આકરી - ૧૯૯૨
(૮) સમગ્ર કવિતા - ઉમાશંકર જોશી - ૧૯૮૧

❖



# ભાલણકૃત 'રામવિવાહ આખ્યાન'

ડૉ. સોહન આર. દવે

આજે હવે સર્વસ્વીકૃત થઈ રહ્યું છે કે કડવાબદ્ધ આખ્યાન પ્રકારનો પુરસ્કાર કરનાર પાટણનો કવિ ભાલણ છે. ભાલણ માટે શ્રી કે.કા.શાસ્ત્રી સોળમા શતકનો (ઈ.સ.૧૫૦૦ થી ૧૫૫૦) પૂર્વાર્ધ એવો કવનકાળ નિર્દેશે છે, જ્યારે જેઠાલાલ ત્રિવેદી પંદરમા શતકનો (ઈ.સ.૧૪૦૫ થી ૧૪૮૯) જીવનકાળ નિર્દેશે છે. રમેશ શુક્લ ભાલણનો કવન સમય પંદરમા શતકનાં છેલ્લા ચાર વર્ષો અને સોળમા શતકના બે દાયકા (ઈ.સ.૧૪૯૪ થી ૧૫૧૯) નિરૂપે છે જ્યારે બળવંત જાની પંદરમા શતકનો ઉત્તરાર્ધ અને સોળમા શતકનો એકાદ દાયકો (ઈ.૧૪૬૦ થી ૧૫૧૦) ભાલણનો કવનકાળ નિર્દેશે છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ભાલણનું પ્રદાન વિષયસામગ્રી અને નિરૂપણરીતિ એમ બન્ને બાબતે મહત્ત્વનું છે. તે સમયમાં કવિતાને ખાતર કવિતા લખનારા કવિઓ બહુ ઓછા હતા. અબ્દુર રહેમાન, શ્રીધર વ્યાસ, પદ્મનાભ, વસંતવિલાસકાર અને ભાલણને તે સમયના નોંધપાત્ર કવિઓ કહી શકાય. આ બધા કવિઓમાં ભાલણનું સ્થાન મોખરે છે. શ્રી વિજયરાય વૈદ્ય કહે છે તેમ વ્યાસ, વાલ્મીકિ અને શ્રીહર્ષ તથા બાણની અલૌકિક પ્રતિભાનાં તેજ ઝીલવાની શક્તિ કે ઝીલાવવાની વિદ્વતા, રસિકતા અને કલા તેની પહેલાંના કોઈ પણ કવિમાં હતી નહીં.

કવિરત્ન ભાલણની કૃતિઓના જેટલી મોટી સંખ્યામાં ભાલણ યુગના બીજા કોઈ કવિની કૃતિઓ મળી આવતી નથી. 'કાદંબરી', 'પહેલું નળાખ્યાન', 'મૃગીઆખ્યાન', 'રામબાલચરિત' એ તેની સર્વશ્રેષ્ઠ રચનાઓ છે જ્યારે 'રામવિવાહ', 'ધ્રુવાખ્યાન', 'મૃગીઆખ્યાન', 'દ્રોપદી વસ્ત્રાહરણ', 'કૃષ્ણવિષ્ટિ' એ તેની મધ્યમ રચનાઓ છે. આ સિવાય 'શિવભિલડી સંવાદ', 'સપ્તશતી', 'જાલંધર આખ્યાન', 'મામકી આખ્યાન', 'બીજું નળાખ્યાન', 'દુર્વાસા આખ્યાન', 'રામાયણ' એ તેમની સામાન્ય રચનાઓ છે.

૧૬મા શતકમાં "'થેલો કવિ ભાલણ આપણને સૌપ્રથમ કડવાબદ્ધ આખ્યાન